सत्यमेव जयते

રે.દિ.મુ.નંબર – ૩/૨૦૨૨

વાદી તર્ફે વિ.વ.શ્રી કે.ટી.પટેલ
પ્રતિવાદીઓ નં ૧ થી ૩ તર્ફે વિ.વ.શ્રી એચ.એમ.શુક્લા
પ્રતિવાદી નં ૪ તર્ફે વિ.વ.શ્રી બી.સી.રાઠોડ

**<u>વાદી ની આંક-૫ ની દરમ્યાન મનાઇ હુકમ મેળવવા બાબતેની અરજી લગત હુકમ</u>**

૧). હાલનો દાવો વાદીએ દાવાવાળી જમીન બાબતે જાહેરાત તથા કાયમી મનાઇ તથા વિલ રદ કરાવી લેવાની દાદ મેળવવા માટે પ્રતિવાદીઓ વિરુધ્ધ દાખલ કરેલ છે, અને જે સાથે આંક-૫ ની સી.પી.સી ઓર્ડર ૩૯ રુલ ૧-૨ તથા કલમ-૧૫૧ મુજબ દાવો ચાલતા દરમ્યાન મનાઇ હુકમ મેળવવા ની અરજી રજુ કરેલ છે અને જે આંક-૫ ની અરજીમાં માંગ્યા મુજબ ની કામચલાઉ મનાઇ અરજીની દાદ આપવા માંગણી કરેલ છે. જે અરજી લગત આ કામના પ્રતિવાદીઓને તાત્કાલીક કારણદર્શક નોટીસ કરવાનો હુકમ કરવામાં આવેલ છે. જે લગત પ્રતિવાદીઓને નોટીસ કરતા પ્રતિવાદીઓ નં ૧ થી ૩ નાઓ ના.કોર્ટમાં પોતાના વિ.વ.શ્રી મારફતે હાજર થયેલા છે અને વાદીના દાવા તથા મનાઇ અરજનો પ્રતિવાદી નં ૧ થી ૩ નાએ આંક- ૧૪ થી સંયુક્ત લેખિત જવાબ રજુ કરેલ છે, તેમજ પ્રતિવાદી નં ૪ નાએ આંક-૧૮ થી પોતાનો લેખિત જવાબ રજુ કરેલ છે. વાદી ધ્વારા પોતાની હાલની આંક-૫ ની કામચલાઉ મનાઇ હુકમ અરજીના સમર્થનમાં આંક-૩ ના લીસ્ટ થી માર્ક ૩/૧ થી માર્ક ૩/૪૮ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

૨). વાદીના દાવા તથા કામચલાઉ મનાઇ હુકમ અરજી લગતની નોટીસો પ્રતિવાદીઓ ને બજતા પ્રતિવાદી નં ૧ થી ૩ નાઓ પોતાના વિ.વ.શ્રી મારફતે હાજર થયેલા છે અને આંક-૧૪ થી દાવા તથા મનાઇ અરજનો સંયુક્ત લેખિત જવાબ રજુ કરેલ, અને પોતાના જવાબ સાથે દસ્તાવેજી પુરાવાનુ આંક-૧૫ નુ દસ્તાવેજી પુરાવા

લીસ્ટ રજુ કરેલ છે, જેમાં માર્ક ૧૫/૧ થી માર્ક ૧૫/૮ સુધીના  દસ્તાવેજી આધાર પુરાવા રજુ કરેલ છે.

૩).   વધુમાં પ્રતિવાદી નં ૪ નાએ આંક-૧૮ થી પોતાનો લેખિત જવાબ રજુ કરેલ છે અને સાથે આંક-૧૯ ના લીસ્ટ થી માર્ક ૧૯/૧ થી માર્ક ૧૯/૩ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

૪).   આ કામે વાદી તરફે તેમના વિ.વ.શ્રી ધ્વારા પોતાની કામચલાઉ મનાઇ હુકમ અરજી લગત લેખિત દલીલો આંક-૨૨ ની રજુ કરેલ છે, જે ધ્યાને લીધેલ છે. તથા પ્રતિવાદી નં ૧ થી ૩ તર્ફે તેમના વિ.વ.શ્રી ધ્વારા મૌખીક રજુઆત કરેલ, જે ધ્યાને લીધેલ છે.

૫).   વાદીની  દાવા અરજી  તથા મનાઇ અરજી ની  વિગતો તથા કેસનુ રેકર્ડ વંચાણે લેતાં તેમજ રજુ થયેલ પુરાવા અને પ્રતિવાદીઓ તર્ફે નો લેખિત જવાબ,દસ્તાવેજી પુરાવા તથા રજુઆત ધ્યાને લેતા મારી સમક્ષ હાલની ની-૫ ની કામચલાઉ મનાઇ હુકમ અરજીના નીકાલ અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થીત થાય છે.

મુદ્દા :-

૧. શું વાદી પુરવાર કરે છે કે, તેઓનો પ્રથમદર્શનીય કેસ છે?

૨. શું બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીના લાભમાં છે ?

૩. શું મનાઇ હુકમ નહી આપવાથી વાદીને નાણાથી પણ ભરપાઇ ના થઇ શકે તેવુ  અપરીહાર્ય નુકશાન થવાનો સંભવ રહેલો છે ?

૪. શું હુકમ ?

૬).   ઉપરોક્ત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. “નકારમાં ”

૨. “નકારમાં ”

૩. “નકારમાં”

૪. આખરી હુકમ મુજબ.

ઉપરોક્ત નીર્ણયો અર્થે મારા કારણો નીચે મુજબ છે :

--:: કા ર ણો ::-

૭). મુદ્દા નં ૧ થી ૪ :-

ઉપરોક્ત તમામ મુદ્દા એકબીજા સાથે સંકળાયેલા હોય, વારંવારનુ પુનરાવર્તન ટાળવા માટે તમામ મુદ્દાની ચર્ચા એક સાથે કરેલ છે. વાદી તર્ફે કરવામાં આવેલ રજુઆત મુદ્દાની ચર્ચા સાથે આવરી લીધેલ છે.

**Essential elements to grants or refuse interim injunctions:-**

It is pertain to note that the power to grant a temporary injunction is in the discretion of the court, this discretion however, should be exercised reasonably, judiciously and on the legal principles. Injunction should not lightly granted as it adversely affects the other side. Generally , before granting the injunction, court must satisfied about the following aspects namely, prima-facie case, irreparable injury and balance of convenience.

The first rule is that the applicant must make out a ***prima facie case*** in support of the right claimed by him, court must be satisfied that there is a bona fide dispute raised by the applicant, there is strong case for trial which needs investigation. A prima facie case does not mean a case proved to the hilt but a case which can be said to be established if the evidence which is led in support of the same were believed. While determining whether a prima-facie case had been made out the relevant consideration is whether on the evidence led it was possible to arrive at the conclusion in question and not whether that was the only conclusion which could be arrived at on that evidence.

Existence of the prima facie case alone does not entitled the applicant for a temporary

injunction, but the applicant must satisfied the court that he will suffer ***irreparable injury*** if the injunction as prayed for is not granted and that there is no other remedy open to him by which he can protect himself from the consequences of apprehended injury.

Third condition for granting interim injunction is that the ***balance of convenience*** must be in favor of the applicant. In other words, court must be satisfied that the comparatives mischief hardship or inconveniences which is likely to be caused to the applicant by refusing the injunction will be greater than that which is likely to be caused to the opposite party by granting it.

In case of judgment of Hon'ble Gujarat High Court J. M. Patel V. D.B. Patel reported in 2007 GLR 79, in Para - 15 it is observed that It is not the law that moment the suit is filed, trying to make out some case, by ignoring the material on record injunction must follow. If material is not be considered at the time of deciding injunction application, Courts will be flooded with frivolous litigations. Therefore, the Court is required to examine minutely the merits of the case and the circumstances in existence...

આ કામે વાદી ના કથનો મુજબ વાદી અને પ્રતિવાદી નં ૧ સગા ભાઇ બહેન થાય છે અને પ્રતિવાદી નં ૨-૩ વાદીના ભત્રીજા થાય છે, તેમજ વાદીના સગાભાઇ રામુભાઇ લાખાભાઇ આહીર કરીને હતા, તેઓ તા. ૦૭/૦૪/૨૦૨૧ ના રોજ નિઃસંતાન અપરીણીત મરણ પામેલા છે, અને મોજે ગામ સાંકી તા. પલસાણા જી.સુરત ના બ્લોક નં ૧૦૫ વાળી હે.આરે.ચો.મી ૦-૩૨-૩૭ આરે વાળી જમીન ના મુળ માલીક લખાભાઇ ગોસાઇભાઈ આહીત હતા અને કૌટુંબીક વહેંચણ થતા સદર દાવવાળી જમીન રામુભાઇ લખાભાઇ ના નામે આવેલ. આમ વાદીના પોતાના કથનો તથા પ્રતિવાદીઓએ

પણ કરેલ સ્વીકૃતી મુજબ સદર દાવાવાળી જમીનના માલીક રામુભાઇ લખાભાઈ આહીર હતા તે બાબતે કોઇ વિવાદ નથી. વાદી ના દાવા તથા મનાઇ અરજી ની તકરાર જોવામાં આવે તો, સદર દાવાવાળી જમીનના માલીક રામુભાઇ લખાભાઇ નાઓની સદર જમીન બાબતે કહેવાતુ વીલ ઉભૂ કરવામાં આવેલ, જે વિલ તા. ૦૬/૦૪/૨૦૨૧ ના રોજ નુ નોટરી શ્રી મહંમ્મદહનીફ કે. મહેતાજીના નોટરી ચોપડે અનુક્રમ નં ૪૯૫/૨૦૨૧ થી નોંધાયેલ અને જે ખોટુ અને બોગસ , બનાવટી અને ગેરકાયદેસર હોવાના કથનો કરેલા છે, અને જે તા. ૦૬/૦૪/૨૦૨૧ ના રોજ રામુભાઇ લાખાભાઇ આહીર વિલ કરવા માટે સામાન્ય સુઝબુઝ ધરાવતા હતા નહી અને વિલ કરવા સમર્થ હતા નહી  જેથી વિલ છળકપટ થી કરાવેલ હોવાના કથનો કરેલા છે, પરંતુ પ્રતિવાદી નં ૪ નાઓ એ જીમ્મેદાર નોટરી છે અને તેઓએ આ દાવાનો તથા મનાઇ અરજનો આંક-૧૮ થી લેખિત જવાબ રજુ કરેલ છે અને જેમાં જણાવેલ છે કે, "અમો પ્રતિવાદી નં ૪ નાઓને સને ૨૦૨૦ માં કેન્દ્ર તરફથી નોટરી પબ્લીક તરીકે નિયુક્ત કરવામાં આવેલ હતા, હમો પ્રતિવાદી નં ૪ મોજે મહુવા, તા. મહુવા જી. સુરત મુકામે અમારો વકીલાતનો તેમજ નોટરી તરીકે વ્યવસાય કરીએ છીએ. અમો પ્રતિવાદી નં ૪ નાઓઅને તા.૦૬/૦૪/૨૦૨૧ ના રોજ વીલના સાક્ષી હિરેનકુમાર આહીર તથા અર્જુનભાઇ પરભુભાઇ આહીર નાઓ એક તૈયાર વીલ લઈને અમારી ઓફીસે  મહુવા મુકામે આવેલા હતા. સદરહુ વીલ રુ. ૫૦/- ના સ્ટેમ્પ પેપર ઉપર કોમ્પ્યુટરાઇઝ ટાઇપ કરેલુ હતુ. અને હીરેન આહીર તથા અર્જુન આહીર નાોએર રામુભાઇ લખાભાઇ આહીર નાઓ તેમની મિલકત અંગે વીલ કરવા ઈચ્છા વ્યક્ત કરતા હોય તેવું જણાવી વીલ ની અસલ નકલ લઇ અમારી ઓફીસ આવેલા હતા. અમોએ રામુભાઇ લખાભાઇ આહીર નુ રુ.૫૦/- નાં સ્ટેમ્પ પેપર ઉપર તૈયાર કરેલ વીલ વાંચેલ હતુ, અને ત્યારબાદ વીલમાં જણાવેલ મિલકત ની ૭/૧૨ ની નકલ જોઇ હતી અને ત્યારબાદ અમોએ હીરેનકુમાર આહીર તથા અર્જુનભાઇ આહીરનાઓને સ્વ.રામુભાઇ લખાભાઇ આહીરનાોનુ વીલની નોંધણી કરવા આવવા જણાવેલ હતુ. ત્યારબાદ અમોએ મોજે સાંકી, તા. પલસાણા મુકામે રામુભાઇ લખાભાઇ આહીર ના ઘરે વીલની નોંધણી કરવા ગયેલ હતા, અને અમો વીલની નોંધણી કરવા ગયેલ હતા ત્યારે

રામુભાઇ લખાભાઇ આહીર તથા સાક્ષી તરીકે હીરેનકુમાર આહીર તથા અર્જુનભાઇ આહીરનાઓ હાજર હતા. અમોએ વીલ કરનાર રામુભાઇ લખાભાઇ આહીરનાઓને તેમની તબીયત તથા શારીરીક પરીસ્થીતી બાબતે સવાલ પુછેલા હતા. રામુભાઇ લખાભાઇ આહીરનાઓ સંપુર્ણ શારીરીક અને માનસિક અવસ્થામાં હતા. સ્વ.રામુભાઇ લખાભાઇ આહીરનાઓ બીમાર હતા પરંતુ તેઓ પોતાનુ સારુ નરસુ સમજી શકે તેવી સંપુર્ણ સભાન અવસ્થામાં હતા. અને અમોએ સ્વ. રામુભાઇ લખાભાઇ આહીર સાથે તેઓ કઇ મિલકત ધારણ કરે છે તથા તેઓના વારસો વિશે તથા તેમના ભાઇઓ તથા કુટુંબના સભ્યો વિશે પુછપરછ કરેલ હતી. અને રામુભાઇ લખાભાઇ આહીર નાઓએ અમોને અમારી સાથે તેમની સંપુર્ણ સભાન માનસિક અવસ્થામાં સારી રીતે વાતચીત કરેલ હતી. ત્યારબાદ સાક્ષી હીરેનકુમાર આહીર નાઓએ આખુ વીલ અમારી રુબરુ રામુભાઇ લખાભાઇ આહીરનાઓને વાંચીને સંભળાવલે હતુ. અને ત્યારબાદ રામુભાઇ લખાભાઇ આહીરનાઓએ વીલની નોંધણી કરવા સંમતી બતાવેલ હતી અને સ્વ. રામુભાઇ લખાભાઇ આહીર નાઓને તેમના ભત્રીજા રમેશભાઇ લલ્લુભાઇ આહીર તથા સુનીલભા લલ્લુભાઇ આહીર ને તેમના વારસ તરીકે નિમવા માંગતા હોય તેઓના લાભમાં વીલ કરવા તેમની ઇચ્છા વ્યક્ત કરેલ હતી અને ત્યારબાદ સ્વ.રામુભાઇ લખાભાઇ આહીરનાઓએ વીલ સાંભળી વિલની નોંધણી બાબતે જરુરી સંમતી આપતા તથા સાક્ષીઓ હીરેનકુમાર આહીર તથા અર્જુનભાઇ આહીરનાઓની હાજરીમાં વીલ ની નોંધણી કરવામાં આવેલ હતી. અમોએ વીલના પાના નં ૨ થી ૫ માં સ્વ. રામુભાઇ લખાભાઇ આહીર ના ડાબા હાથના અંગુઠાનુ નિશાન સાક્ષીઓ ની હાજરીમાં લીધેલ હતુ તથા પાના નં ૫ ઉપર સ્વ. રામુભાઇ લખાભાઇ આહીરનો ફોટો લગાવી ફોટા ઉપર અંગુઠાનુ નિશાન તથા તેની બાજુમાં અંગુઠાના નિશાનની કોલમમાં પણ અંગુઠાનુ નિશાન લીદેલ હતુ તથા રામુબાઇ લખાભાઇ આહીરનાઓનુ અંગુઠાના નિશાનની ઓળખ અર્જુનભાઇ પરભૂભાઇ આહીત નાઓએ આપેલ હતી, ત્યારબાદ અમોએ અમારા નોટરી રજીસ્ટરમાં વીલ ની નોંધણી કરી હતી " આમ સદર કામેના પ્રતિવાદી નં ૪ ધ્વારા પોતાના ફરજ ની ભાગ રુપે તમામ ચકાસણી કર્યા બાદ અને મર્હુમ રામુભાઇ લખાભાઇ

આહીર ની ઇચ્છા મુજબ વીલ ની નોંધણી કરેલ હોવાનુ જણાવેલ છે જેથી વાદીના કથનો મુજબ પ્રતિવાદી નં ૧ થી ૩ નાએ છળકપટ કરી અને વીલ ઉભૂ કરેલ હોવાનુ હાલના તબક્કે કોઇપણ પુરાવા વિના માની શકાય તેમ નથી. વધુમાં પ્રતિવાદી નં ૪ તર્ફે માર્ક ૧૯/૧થી પોતે નોંધેલ વીલ ની નકલ રજુ કરેલ છે, તથા માર્ક ૧૯/૨ થી નોટરી રજીસ્ટર કે જેમાં મર્હુમ નુ વીલ  અનુક્રમ નં ૪૯૫ થી તા.૦૬/૦૪/૨૦૨૧ ના રોજ નોંધવામાં આવેલ તે રજીસ્ટર ની નકલ રજુ કરેલ છે અને જેમાં કોઇ ગેરરીતી થયેલ હોવાનુ હાલના તબક્કે જણાતુ નથી. વધુમાં આ કામે પ્રતિવાદી નં ૧ થી ૩ નાએ લીધેલી તકરાર મુજબ મર્હુમ રામુભાઇ લખાભાઇ આહીર હયાત હતા ત્યાં સુધી પ્રતિવાદી નં ૧ થી ૩ નાઓ સાથે રહેતા હતા અને તેઓ ની સેવા ચાકરી પણ પ્રતિવાદી ન ૧ થી ૩ નાએ કરેલ , તેમજ તેઓની બીમારી ની અવસ્થામાં પણ પ્રતિવાદી નં ૧ થી ૩ નાએ દેખરેખ રાખેલ અને છેલ્લે જ્યારે હોસ્પીટલમા હતા ત્યારે અને તેઓને ડીસ્ચાર્જ કરી ઘરે લાવવામાં આવેલા ત્યારે પણ પ્રતિવાદી ન ૧ થી ૩ હાજર હતા અને મર્હુમ રામુભાઇ લખાભાઇ નાઓ અવસાન પામેલા તેની તમામ વિધી તથા ખર્ચ પણ પ્રતિવાદી નં ૧ થી ૩ નાએ કરેલ છે, અને જે નિવેદનો બાબતે વાદી તર્ફે પોતાના કાઉન્ટર એફીડેવીટમાં ખુલાસો કરતા જણાવેલ છે કે, વાદીઓએ પણ મર્હુમ રામુભાઇ લખાભાઇ ની સેવાચાકરી કરેલ છે પરંતુ તેમના દાવામાં કોઇપણ ઠેકાણે વાદીઓએ પોતે સેવા ચાકરી કરેલ હોય અને મર્હુમ રામુભાઇ ને પોતાની સાથે રાખેલા હોય તેવા કોઇ કથનો કરેલા નથી, આમ પ્રતિવાદી નં ૧ થી ૩ નાએ કરેલા કથનો નો માત્ર ઇન્કાર કરવા માટે પોતાના કાઉન્ટર એફીડેવીટમાં ખોટા કથનો કરેલ હોવાની રજુઆત માનવા યોગ્ય છે. વધુમાં વાદીજે અનુમાનો આધારે દાવો લઇને આવેલા છે તેમાં હાલના તબક્કે કોઇ તથ્ય જણાતુ નથી, અને વાદીના કથનો વાદીએ સચોટ પુરાવા રજુ કરી પુરવાર કરવા જોઇએ અને ત્યાં સુધી વાદી કોઇ દાદ મેળવવા હક્કદાર નથી તેમ મારુ માનવુ છે. વાદીએ જે મર્હુમ રામુભાઇ લખાભાઇ આહીર નાઓએ પ્રતિવાદી નં ૨ અને ૩ ના લાભમાં વિલ કરેલ છે તે ખોટુ હોવાના અનુમાનો રજુ કરેલા છે પરંતુ તે અંગેના કોઇ પુરાવા નથી ,તેમજ કરેલા કથનો કે “જે વિલ ૫૦ રુપીયાના સ્ટેમ્પ ઉપર કરવામાં આવેલ છે જે સ્ટેમ્પ જોવામાં આવે તો તેમાં

“Artical 4 Affidavit ” લખાવામાં આવેલ છે, જેનાથી શંકા ઉત્પન્ન થઇ શકતી નથી કારણ કે માર્ક ૧૯/૧ થી પ્રતિવાદી નં ૪ નાએ રજુ કરેલ વીલ નો સ્ટેમ્પ પેપર જોતાં “Discription of Document -Artical 4 Affidavit ” પરંતુ “Description- FOR WILL USE ” લખેલ છે અને આમ સદર સ્ટેમ્પ બાબતે પણ જે શંકા ઉત્પન્ન કરવા પ્રયત્ન કરેલ છે, તે પણ માની શકાય તેમ નથી, તેની સામે પ્રતિવાદી નં ૧ થી ૩ નાએ રજુ કરેલા પુરાવા ઉપરથી મર્હુમ રામુભાઇ લખાભાઇ પ્રતિવાદી નં ૧ થી ૩ સાથે રહેતા અને ખેતી કામ કરતા હોવાનો પુરાવો રજુ થયેલ છે અને તે સિવાય વાદીઓએ ક્યારેય મર્હુમ રામુભાઇ લખાભાઇ ની સેવાચાકરી કરેલ હોય તેવો કોઇ પુરાવો વાદી તર્ફે રજુ થયેલ નથી કે પોતાના દાવામાં તેવા કોઇ કથનો પણ કરેલા નથી, જેથી વાદી એ પોતાના દાવામાં કરેલા અનુમાનો આધારે ના આક્ષેપો પુરવાર કરતો પુરાવો રજુ ના થાય ત્યાં સુધી વાદીઓ ના લાભમાં મનાઇ હુકમ બાબતેની ઈક્વીટીની કોઇ દાદ મળવા પાત્ર નથી તેમ મારુ માનવુ છે. વધુમાં આ કામે રેકર્ડ ઉપરની વિગતો ચકાસવામાં આવે તો જણાઇ આવે છે કે,

૧. દાવાવાળી મિલકતના સ્વતંત્ર માલીક અને કબજેદાર મર્હુમ રામુભાઇ લખાભાઇ આહીર હતા.
૨. મર્હુમ રામુભાઇ લખાભાઇ આહીર તા.૦૭/૦૪/૨૦૨૧ ના રોજ અવસાન પામેલા છે.
૩. મર્હુમ રામુભાઇ લખાભાઇ આહીર નાઓએ સાક્ષીઓ રુબરુ તા.૦૬/૦૪/૨૦૨૧ ના રોજ પ્રતિવાદ નં ૨-૩ ના લાભમાં પોતાની સ્વતંત્ર માલીકીની જમીન અંગે વીલ લખી આપેલ છે.
૪. મર્હુમ રામુબાઇ લખાભાઇ આહીર નાઓ એ સાક્ષી રુબરુ કરી આપેલ વીલ નોટરી એવા પ્રતિવાદી નં ૪ નાઓ પાસે નોંધાયેલ છે.
૫. પ્રતિવાદી નં ૪ નાએ તમામ ચકાસણી કર્યા બાદ વીલ ની નોંધણી કરેલ હોવાનુ સોગંદ ઉપરના જવાબ થી જાહેર કરેલ છે.

૬. પ્રતિવાદી ન ૪ નાએ પોતાના નોટરી રજીસ્ટરનો ઉતારો પણ રજુ કરેલ છે.

૭. મર્હુમ રામુભાઇ લખાભાઇ આહીર નાઓએ પ્રતિવાદી ન ૧ ને કુલમુખત્યારપત્ર પણ લખી આપેલ હોવાનુ રેકર્ડ ઉપર આવેલ છે.

૮. વાદીઓ તર્ફે જે આક્ષેપો કરવામાં આવેલા છે તે અંગેનો કોઇ દસ્તાવેજી આધાર પુરાવો રજુ થયેલ નથી.

આમ વાદીઓ એ માત્ર અનુમાનો આધારે ના આક્ષેપો કરેલા છે અને જ્યાં સુધી પોતાના આક્ષેપીત કથનો પુરવાર કરતો પુરાવો રજુ કરે નહી ત્યાં સુધી વાદીઓ ના કથન માનવા યોગ્ય નથી અને દાવાવાળી જમીન મર્હુમ રામુભાઇ લખાભાઇ આહીર સાથે મળી વર્ષો થી પ્રતિવાદી નં ૧ થી ૩ ખેડતા આવેલા હોય, તેમજ મર્હુમ રામુભાઇ લાખાભાઇ નાઓએ પ્રતિવાદી નં ૧ ના લાભમાં લખી આપેલ કુલમુખત્યારપત્ર થી એટલી હકીકત સ્પષ્ટ છે કે મર્હુમ રામુભાઇ લખાભાઇ આહીર નાઓને પ્રતિવાદી નં ૧ ઉપર સંપુર્ણ વિશ્વાસ અને ભરોસો હતો, તેમજ પ્રતિવાદી નં ૧ નાએ તે કુલમુખત્યારપત્ર નો કોઇ દુર ઉપયોગ કરેલ હોવાના કોઇ કથનો વાદીઓ તર્ફે નથી કે મર્હુમ ધ્વારા પોતાની હયાતીમાં સદર પ્રતિવાદી નં ૧ નેઆપેલ કુલમુખત્યારપત્ર નો પ્રતિવાદી નં ૧ નાએ દુરઉપયોગ કરેલ હોવાની કોઇ ફરીયાદ કરેલ હોવાનુ રેકર્ડ ઉપર નથી, તેમજ પ્રતિવાદી નં ૧ તથા મર્હુમ રામુભાઇ લખાભાઇ નાઓએ સંયુક્ત રીતે બેંન્ક માંથી ધીરાણ પણ મેળવેલ હોવાના પુરાવા રજુ થયેલ છે, જેથી તે તમામ પુરાવાથી મર્હુમ રામુભાઇ લખાભાઇ ને પ્રતિવાદી નં ૧ ઉપર પુરેપુરો વિશ્વાસ હોવાનુ અને તેઓ પ્રતિવાદી નં ૧ સાથે જ રહેતા હોવાનુ સ્પષ્ટ માનવા યોગ્ય છે, જેથી પ્રતિવાદીઓ સામે વાદીઓનો કોઇ પ્રથમ દર્શનીય કેશ નથી. વધુમાં હાલમાં પણ પ્રતિવાદી નં ૧ થી ૩ નો કબજો સદર દાવાવાળી જમીન ઉપર હોવાનુ રેકર્ડ ઉપર થી માનવા યોગ્ય છે, તેમજ પ્રતિવાદી નં ૧ ની સાથે જ મર્હુમ રામુભાઇ લખાભાઇ આહીર રહેતા હતા અને જે બાબતે માર્ક ૧૫/૨ થી રજુ બેંન્ક પાસબુક જોતાં મર્હુમ રામુભાઇ તથા પ્રતિવાદી નં ૧ જોઇન્ટ ખાતેદાર હોવાનુ પણ રેકર્ડ ઉપર આવેલ છે, તેમજ માર્ક ૧૫/૩ થી માર્ક ૧૫/૬ સુધીના બેંન્કમાં થી લીધેલ બોજા

બાબતે ની ફેરફાર નોંધો છે અને જે જોતાં પ્રતિવાદી નં ૧ તથા મર્હુમ રામુભાઇ સાથે ખેતીકામ કરતા હોવાનુ માનવા યોગ્ય પુરાવો છે, જેથી મર્હુમ રામુભાઇ અને પ્રતિવાદી નં ૧ વચ્ચે ભાઇ તરીકે ખુબજ લગાવ હતો અને જેના કારણે મર્હુમ રામુભાઇ લખાભાઇ નાઓએ પોતાને કોઇ સંતાન ના હોય, પોતાના ભાઇના દીકરા એટલે કે પ્રતિવાદી ન ૨-૩ નાઓને પોતાની જમીન લખી આપેલ હોય તે બાબતે માત્ર અનુમાનો આધારે શંકા ઉભી કરી શકાય તેમ નથી, તેમ છતાં જ્યાં સુધી વાદીઓએ કરેલા અનુમાનો આધારેના આક્ષેપો પુરવાર કરતો પુરાવો રજુ કરે નહી ત્યાં સુધી  એવું પણ માનવા યોગ્ય છે કે બેલેન્સ ઓફ ક્નવીનીયન્સ પણ વાદીના લાભમાં નથી, જેથી  વાદીઓને મનાઇ હુકમ નહી આપવાથી વાદીઓને નાણાથી પણ ભરપાઇ ના થઇ શકે તેવું કોઇ નુકશાન થતુ હોવાનુ માનવા યોંગ્ય નથી , જેથી હાલના તબક્કે કામચલાઉ મનાઇ હુકમ અરજી નક્કી કરવા માટે ઉપસ્થીત થયેલ  મુદા નં ૧ થી ૩ નો જવાબ નકારમાં આપુ છું અને મુદ્દા નં -૪ બાબતે  ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

## --:: આખરી હુકમ ::-

૧. વાદીઓ ની આંક-૫ ની કામચલાઉ મનાઇ હુકમ મેળવવા બાબતેની અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

૨. આ અરજીનુ ખર્ચ દાવાના પરીણામને અનુસરશે.

હુકમ આજરોજ તા. ૦૨ મી માહે ડીસેમ્બર સને ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

પલસાણા.

તા.૦૨/૧૨/૨૦૨૨

જયેશ વાલજીભાઇ ચૌહાણ
મુખ્ય સીવીલ જજ, પલસાણા.
તા.પલસાણા.જી. સુરત.
યુ.આઇ. કોડ નંબર જીજે ૦૧૪૩૧